(3)

શેરડી પાકનું ઉત્પાદન અને ઉત્પાદકતા વધારવા માટે અનુસુચિત જનજાતિનાં ખેડૂતોને પ્રોત્સાહક સહાય યોજનાને વર્ષ ૨૦૧૮-૧૯ ની વહીવટી મંજુરી આપવા બાબત (૧૦૦ % રાજ્ય પુરસ્કૃત)

ગુજરાત સરકાર
કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ,
સચિવાલય, ગાંધીનગર
ઠરાવ ક્રમાંકઃનફસ/૧૦૨૦૧૮/૪૪૫/ક.૭
તા.૨૦/૦૪/૨૦૧૮

વંચાણે લીધા :

૧. ભારત સરકારશ્રીની **NFSM** યોજના (૧૨મી પંચવર્ષિય યોજના) ની ઓપરેશનલ ગાઇડલાઇન

૨. ભારત સરકારશ્રીની **NFSM** યોજના (૧૨મી પંચવર્ષિય યોજના) ની વહીવટી મંજુરી પત્ર નં ૨૦-૧/૨૦૧૨-એનએફએસએમ(સીએ- ૫) તા. ૩૦.૦૪.૨૦૧૪

૩. કૃષિ અને સહકાર વિભાગનો તા.૦૪/૦૪/૨૦૧૭નો ઠરાવ ક્રમાંકઃ નફસ/૧૦૨૦૧૬/૪૦૬૪/ક-૭.

૪. ખેતી નિયામક કચેરીનો પત્ર નં જા.નં. પાક/નવી બાબત/વહીવટી મંજુરી/ફા.નં.૩૨/૧૧૬૯/૨૦૧૮, તા.૨૬/૦૨/૨૦૧૮

<u>પ્રસ્તાવના :</u>

શેરડી પાકએ રાજ્યનો અગત્યનો રોકડીયો પાક છે. રાજયમાં શેરડી પાકનું સરેરાશ ૧,૮૦,૦૦૦ હેક્ટર વિસ્તારમાં વાવેતર થાય છે. શેરડી પાકની ખેતી માટે ઉચ્ચ ગુણવતાં યુક્ત બિયારણ, અન્ય ઇનપુટસ. અધ્યતન ખેત પધ્ધતિ, કૃષિ યાંત્રીકરણ ટેકનોલોજી નો ઉપયોગ કરવામાં આવે તો શેરડી પાકની ઉત્પાદકતા વધારી શકાય તેમ છે. રાજ્યમાં અનુસુચિત જનજાતિનાં ખેડૂતોની આર્થિક પરિસ્થિતિ તેમજ ખેતીવાડી ઇનપુટ અને યાંત્રીકરણની ખરીદશક્તિ ખુબ જ ઓછી હોય છે. આથી, ગુજરાત રાજ્યનાં શેરડી પકવતાં અનુસુચિત જનજાતિનાં ખેડૂતોને શેરડી પાકની ઉત્પાદકતાં વધારવાનાં હેતુસર ઉચ્ચ ગુણવતાં યુક્ત બિયારણ, અધ્યતન ખેત પધ્ધતિ, કૃષિ યાંત્રીકરણનાં ઉપયોગ માટે સહાય તથા મેળવેલ ઉત્કૃષ્ટ ઉત્પાદન પેટે પ્રોત્સાહક સહાય આપી ખેડૂતોને પ્રોત્સાહીત કરવા ખુબ જરૂરી છે. જેનાં કારણે શેરડી પાકનું ઉત્પાદન તથા ઉત્પાદકતાં ઉતરોતર વધારી શકાય.

આ માટે, ગુજરાત રાજ્યનાં શેરડી પકવતાં અનુસુચિત જનજાતિનાં ખેડૂતોને શેરડી પાકની ઉત્પાદકતાં વધારવાનાં હેતુસર ઉચ્ચ ગુણવતાં યુક્ત બિયારણ, અન્ય ઇનપુટસ, અધ્યતન ખેત પધ્ધતિ, કૃષિ યાંત્રીકરણનાં ઉપયોગ માટે શેરડી પાકનાં પ્રતિ હેક્ટર વાવેતર દીઠ રૂ.૧૦,૦૦૦/- સહાય આપી શકાય. તદ ઉપરાંત, ખેડૂતોને વધુ ઉત્પાદન માટે પ્રોત્સાહીત કરવા પ્રતિ હેક્ટર જો ખેડૂત ૭૦ મે.ટન કરતાં વધુ ઉત્પાદન મેળવે તો મેળવેલ વધુ ઉત્પાદન પેટે વેચાણ ભાવ મુજબ પ્રતિ મે.ટન ૧૦% ની પ્રોત્સાહક સહાય આપી શકાય. આ માટે અનુસુચિત જનજાતિનાં શેરડી પકવતાં ખેડૂતોનાં સરેરાશ વાવેતર વિસ્તાર મુજબ ૧૬,૦૦૦ હેક્ટર શેરડી પાકનો વાવેતર વિસ્તાર આવરી શકાય.

આમ, ગુજરાત રાજ્યનાં શેરડી પકવતાં અનુસુચિત જનજાતિનાં ખેડૂતોને ૧૬૦૦૦ હેક્ટર વાવેતર વિસ્તાર માટે ઉચ્ચ ગુણવતાં યુક્ત બિયારણ, અધ્યતન ખેત પધ્ધતિ, કૃષિ યાંત્રીકરણનાં ઉપયોગ માટે

રૂ.૧૬૦૦.૦૦ લાખ સહાય તથા મેળવેલ ઉત્કૃષ્ટ ઉત્પાદન પેટે રૂ.૮૦૦.૦૦ લાખ પ્રોત્સાહક સહાય મળી કુલ રૂ. ૨૪૦૦.૦૦ લાખ (અંકે રૂપિયા ચોવીસો લાખ પુરા) ની વર્ષ: ૨૦૧૮-૧૯ નાં અંદાજપત્રમાં **NFSM** યોજના હેઠળ નવી બાબત (૧૦૦ % રાજ્ય પુરસ્કૃત) તરીકે જોગવાઇ થયેલ છે. જેની વહીવટી મંજુરી આપવા માટેની ઉક્ત વંચાણે લીધેલ ક્રમાંક- ૪ સામેની ખેતી નિયામકશ્રીની દરખાસ્ત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવ :

સરકારશ્રી દ્વારા કાળજીપુર્વકની વિચારણાને અંતે શેરડી પાકનું ઉત્પાદન અને ઉત્પાદકતા વધારવા માટે અનુસુચિત જનજાતિનાં ખેડૂતોને પ્રોત્સાહક સહાય યોજનાને વર્ષ ૨૦૧૮-૧૯ માં નવી બાબત તરીકે ચાલુ રાખવાની તથા વર્ષ ૨૦૧૮-૧૯ નાં અંદાજ પત્રમાં થયેલ રૂ. ૨૪૦૦.૦૦ લાખ (અંકે રૂપિયા ચોવીસો લાખ પુરા) ની બજેટ જોગવાઇનો ખર્ચ કરવાની વહીવટી મંજુરી આપવામાં આવે છે. સદરહુ યોજનાનું નીચે મુજબની શરતોને આધીન યોજનાનુ અમલીકરણ કરવાનુ ઠરાવવામાં આવે છે.

શરતો :

૧. સને ૨૦૧૮-૧૯ ના વર્ષની બજેટ જોગવાઈને આધિન રહીને નાણા વિભાગ દ્વારા વખતો વખત ફાળવવામાં આવતી ગ્રાંટની મર્યાદામાં ખર્ચ કરવાનો રહેશે.

૨. જે હેતુ માટે બજેટ જોગવાઈ કરવામાં આવી છે તે હેતુ માટે જ ખર્ચ કરવાનો રહેશે.

૩. આ અંગેનું ખર્ચ સરકારશ્રી દ્વારા વખતોવખત નક્કી કરવામાં આવેલ જોગવાઈઓ અને લાગુ પડતા ધારાધોરણને અધિન નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

૪. યોજનાઓની નિયત થયેલ શરતોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

૫. પ્રસ્તુત કામે ટેન્ડર પ્રોસેસીંગ બાબતમાં ઉદ્યોગ અને ખાણ વિભાગના ઠરાવક્ર.એસપીઓ-૧૦૨૦૦૫-૧૪૦૭-ચ, તા.૨૨/૧૧/૨૦૦૬ અન્વયે "ઈ" ટેન્ડરીંગ બાબતમાં કરવામાં આવેલ જોગવાઈઓ સૂચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

૬. આ મંજૂરી અન્વયે જો કોઈ પણ વસ્તુની ખરીદી કરવાની હોય તો તે સરકારશ્રીના પ્રવર્તમાન ધારાધોરણો અને નિયમોનુસાર કરવાની રહેશે.

૭. વર્ષના અંતે જો કોઈ બચત રહે તો તે પરત જમા કરવાની રહેશે.

૮. આ યોજના હેઠળ જગ્યાઓની મંજુરી મેળવવાની થતી હોય તો તે માટે અલગથી મંજુરી માટે દરખાસ્ત કરવાની રહેશે.

૯. આ અંગેનો ખર્ચ તા.૧-૪-૨૦૧૮ થી કરવાનો રહેશે.

૧૦. આ યોજના હેઠળનો ખર્ચ ફક્ત અનુસુચિત જનજાતિનાં ખેડૂતો માટે કરવાનો રહેશે.

૧૧. પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાંકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઇ કરાવી લેવાની રહેશે.

૧૨. આ મંજુરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહી. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

૧૩. આ યોજના માટે સામાન્ય શરતો અને બોલીઓ તથા વિવિધ ઘટકોની અમલીકરણ પધ્ધતિ/સહાયના ધોરણો આ સાથે સામેલ પરિશિષ્ટ ૧ થી ૩ મુજબ રહેશે.

૧૪. આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિદ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

૧૫. ઉપર્યુક્ત શરતો તેમજ પરિશિષ્ટ-૧ માં દર્શાવેલ સામાન્ય શરતો અને બોલીઓ તેમજ પરિશિષ્ટ-૨ માં દર્શાવેલ સહાયના ધોરણોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

૧૬. યોજના અંગેનો ખર્ચ નીચેના બજેટ હેડે પાડવાનો રહેશે.

| | |
|---|---|
| માગણી ક્રમાંક: | ૯૬ |
| મુખ્યં સદર: | ૨૪૦૧ - પાક કૃષિ વ્યવસ્થા |
| ગૌણ સદર: | ૭૯૬- આદિજાતી વિસ્તાર પેટા યોજના |
| પેટા સદર: | ૩૯: નેશનલ ફૂડ સિક્યોરીટી મિશન યોજના (૧૦૦ % રાજ્ય પુરસ્કૃત) |

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણા વિભાગની તા.૦૭/૦૪/૨૦૧૮ ની નોંધથી મળેલ મંજુરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે

(જી. કે. ઠાકોર)
સેકશન અધિકારી
કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ.

બીડાણ : પરિશિષ્ટ ૧,૨,૩

નકલ રવાના પ્રતિ:

- ખેતી નિયામકશ્રી, કૃષિ ભવન, ગાંધીનગર. (સબંધિતોને પરીપત્રિત કરવા વિનંતી સહ)
- મેનેજીંગ ડીરેક્ટરશ્રી, ગુજરાત રાજ્ય બીજ.નિગમ લિ., બીજભવન, ગાંધીનગર
- વિભાગની નાણાં શાખા અને બજેટ શાખા,
- કૃષિ અને સહકાર વિભાગની આઇ.ટી શાખા તરફ આ ઠરાવને ઓનલાઇન મુકવા સારૂં.
- નાણાં સલાહકારશ્રી (કૃષિ), સચિવાલય,ગાંધીનગર.
- સેકશન અધિકારીશ્રી, બજેટ શાખા (કૃષિ), સચિવાલય,ગાંધીનગર.
- એ.જી, રાજકોટ/અમદાવાદ.
- પગાર અને હિસાબી અધીકારીશ્રી,ગાંધીનગર.
- સીલેક્ટ ફાઇલ.

## <u>પરિશિષ્ટ-૧</u>

## <u>સામાન્ય શરતો અને બોલીઓ</u>

૧. આ યોજનાનો અમલ શેરડી પકવતાં રાજ્યનાં તમામ જિલ્લાઓમાં કરવાનો રહેશે.

૨. આ યોજના હેઠળ શેરડી પકવતાં અનુસુચિત જનજાતિનાં ખેડૂતોને જ લાભ મળવાપાત્ર રહેશે.

૩. આ યોજનાના નિયંત્રણ અધિકારી ખેતી નિયામકશ્રી રહેશે તેમજ યોજનાની કુલ નાણાંકીય જોગવાઇની મર્યાદામાં ઘટક ફેરફાર કરી શકશે.

૪. આ યોજનાના તમામ ઘટકો માટે અમલીકરણ અધિકારી જિલ્લા ખેતીવાડી અધિકારીશ્રી/ તાલુકા અમલીકરણ અધિકારીશ્રી રહેશે.

૫. આ યોજનાનાં તમામ ઘટકોનો અમલ રાજ્યની સુગર કો-ઓપરેટીવ સોસાયટીઓ દ્વારા જિલ્લા ખેતીવાડી અધિકારીશ્રી/ તાલુકા અમલીકરણ અધિકારીશ્રીનાં સંકલનમાં રહી કરવાનો રહેશે.

૬. આ યોજના હેઠળનાં શેરડી પાકનાં વાવેતર પર સહાય તથા શેરડી પાકનાં મેળવેલ ઉત્કૃષ્ટ ઉત્પાદન માટે પ્રોત્સાહક સહાય ઘટકો માટે સહાયનું ધોરણ તથા ઘટક હેઠળ પુન: લાભ મેળવવાની સમયમર્યાદા પરિશિષ્ટ-૨ મુજબ રહેશે.

૭. આ યોજના ખેતી નિયામકશ્રીના અંકુશ હેઠળ રહેશે. આ યોજનાના અમલીકરણ બાબતમાં કોઇ મુદ્દો ઉપસ્થિત થાય તો તેમનો સંપર્ક સાધવાનો રહેશે. આ યોજનાની અમલીકરણ પધ્ધતિમાં ફેરફાર કરવાની જરૂરિયાત જણાય તો ખેતી નિયામકશ્રી જરૂરી ફેરફાર કરી શકશે.

૮. શેરડી પકવતાં જિલ્લાનાં અનુસુચિત જનજાતિનાં ખેડૂતોને દર વર્ષે વધુમાં વધુ ૨ (બે) હેકટરની મર્યાદામાં સહાય મેળવા પાત્ર રહેશે.

૯. આ યોજનાના વિવિધ ઘટકો માટેના વિગતવાર નાણાકીય અને ભૌતિક લક્ષ્યાંકોની જિલ્લાવાર ફાળવણી ખેતી નિયામકશ્રીએ કરવાની રહેશે. અને યોજના હેઠળના કોઇ ઘટકનાં બચત લક્ષ્યાંક/ રકમ યોજનાના અન્ય ઘટકોમાં પુનઃ ફાળવણી/ઘટક ફેરફાર કરવાની સતા ખેતી નિયામકશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગરની રહેશે. યોજનાના વિવિધ ઘટકોના નાણાકીય અને ભૌતિક લક્ષ્યાંકોની તાલુકાવાર ફાળવણી જિલ્લા ખેતી અધિકારીશ્રીએ કરવાની રહેશે.

૧૦. આ યોજના હેઠળ ગ્રાન્ટની ફાળવણી અને નાણાંકીય ચૂકવણી માટે નોડલ એજન્સી ગુજરાત રાજ્ય બીજ નિગમ લિ., ગાંધીનગર રહેશે.

૧૧. સબંધિત નોડલ એજન્સીને ગ્રાન્ટ ફાળવવા માટે ખેતી નિયામકશ્રીને અધિકૃત ક્રવામાં આવે છે.

૧૨. સંબધીત નોડલ એજન્સીએ સહાયની રકમ **ECS (Electronic Clearance Service) / RTGS (Real Time Gross Settlement) /DBT (Direct Benefit Transfer)/NEFT (National Electronic Fund Transfer)**/ એકાઉન્ટ પે ચેક થી લાભાર્થી/ સંસ્થાનાં ખાતામાં જમા કરવાની રહેશે.

૧૩. નોડલ એજન્સી બીજ નિગમએ ગ્રાન્ટ વપરાશના પ્રમાણપત્રો (યુટીસી) નિયત નમુનામાં ખેતી નિયામક, ગાંધીનગર ને સમયસર મોકલવાના રહેશે. તેમજ સબસીડી સહીત થનાર ખર્ચના વિગતવાર હિસાબો તથા ઓડીટને લગતી કામગીરી કરવાની રહેશે.

૧૪. આ યોજનામાં સમાવિષ્ટ ન હોય તેવા ઘટક માટેનો ખર્ચ સહાયને પાત્ર ઠરશે નહી.

૧૫. આ યોજના હેઠળનાં શેરડી પાકનાં વાવેતર પર સહાય તથા શેરડી પાકનાં મેળવેલ ઉત્કૃષ્ટ ઉત્પાદન માટે પ્રોત્સાહક સહાય ઘટકનું નીચેની વિગતે અમલીકરણ કરવાનું રહેશે.

- શેરડી પાકનાં વાવેતર પર સહાય:-

A) ગુજરાત રાજ્યનાં શેરડી પકવતાં અનુસુચિત જનજાતિનાં ખેડૂતોને શેરડી પાકનું ઉત્પાદન અને ઉત્પાદકતાં વધારવાનાં હેતુસર ઉચ્ચ ગુણવતાં યુક્ત બિયારણ, અન્ય ઇનપુટસ, અધ્યતન ખેત પધ્ધતિ, કૃષિ યાંત્રીકરણનાં ઉપયોગ માટે શેરડી પાકનાં પ્રતિ હેક્ટર વાવેતર દીઠ રૂ.૧૦,૦૦૦/- સહાય, ખાતા દીઠ વધુમાં વધુ બે હેક્ટર માટે સહાય મળવાપાત્ર રહેશે.

B) આ યોજના હેઠળના શેરડી પાકનાં વાવેતર પર સહાય તથા શેરડી પાકનાં મેળવેલ ઉત્કૃષ્ટ ઉત્પાદન માટે પ્રોત્સાહક સહાય ઘટકનો લાભ મેળવવા માંગતાં અનુસુચિત જનજાતિનાં ખેડૂતોએ iKhedut પોર્ટલ પર અરજી (પરિશિષ્ટ-૩, ભાગ-૧) કરવાની રહેશે. અરજીમાં ખેડૂતે પોતાનાં જિલ્લાની કઇ સુગર કો-ઓપરેટીવ સોસાયટીમાં શેરડી પાકનાં વાવેતર અંગેની નોંધણી કરવા માંગે છે? અથવા કઇ સુગર કો-ઓપરેટીવ સોસાયટીમાં શેરડી પાકનાં વાવેતર અંગે નોંધણી કરાવેલ છે? તે સુગર કો-ઓપરેટીવ સોસાયટીનું નામ ખાસ દર્શાવવાનું રહેશે. આમ, ઓનલાઇન કરેલ અરજીની પ્રીન્ટ આઉટ મેળવી , સહી / અંગુઠો કરી જરૂરી સાધનીક કાગળો સહ સબંધિત કચેરી ખાતે રજુ કરવાની રહેશે.

C) સબંધિત કચેરીના જવાબદાર કર્મચારી/અધિકારીએ મળેલ અરજીઓની યોજનાની જોગવાઇઓ અનુસાર ચકાસણી (પરિશિષ્ટ-૩, ભાગ-૨) કરી દરેક અરજીપત્રકની પાત્રતા / બિનપાત્રતા નિર્ધારીત કરવાની રહેશે અને i-khedut પોર્ટલ માં યોજના હેઠળની અરજીઓનું સ્ટેટસ અપડેટ કરવાનું રહેશે.

D) નિયત સમય મર્યાદામાં મળેલ પાત્રતા ધરાવતી અરજીઓને સક્ષમ અધિકારીશ્રીએ મંજુર/ નામંજુર (પરિશિષ્ટ-૩, ભાગ-૩) કરવાની રહેશે.

E) યોજના હેઠળના ઘટક માટે મંજુર કરાયેલ અરજીઓની સબંધિત અરજદારોને તેઓના સરનામે લેખીત/ઉપરાંત જ્યાં શક્ય હોય ત્યાં એસએમએસ(sms) /ઇ-મેઇલથી પણ જાણ કરવાની રહેશે.

F) સક્ષમ અધિકારીશ્રીએ મંજુર થયેલ અરજીઓને અરજદારે અરજી કરતી વખતે શેરડી પાકનાં વાવેતરની નોંધણી માટે પોતાનાં જિલ્લાની જે સુગર કો-ઓપરેટીવનું નામ દર્શાવેલ હોય તે સુગર કો-ઓપરેટીવ સોસાયટીમાં જરૂરી કાર્યવાહી અર્થે મોકલવાની રહેશે.

G) સબંધિત સુગર કો-ઓપરેટીવ સોસાયટી એ સબંધિત અધિકારીશ્રી તરફથી સહાય યોજના હેઠળ મળેલ અરજી પૈકીનાં તમામ ખેડૂતોનાં શેરડી પાકનાં વાવેતર અંગેની નોંધણી કરવાની સમગ્ર કામગીરી પોતાની કક્ષાએથી સમયમર્યાદામાં પુર્ણ કરવાની રહેશે.

H) સબંધિત સુગર કો-ઓપરેટીવ સોસાયટીએ નોંધણી થયેલ અરજી પૈકીનાં તમામ ખેડૂતોએ અરજીમાં દર્શાવ્યા મુજબ હકીકતમાં શેરડી પાકનું વાવેતર કરેલ છે કે કેમ? તે અંગેની ચકાસણી કરી જરૂરી સાધનીક કાગળો સાથેની દરખાસ્ત સબંધિત અધિકારીશ્રીને પરત મોકલી આપવાની રહેશે.

I). સબંધિત અધિકારીશ્રીએ તેમનાં જિલ્લાનાં વિસ્તરણ સ્ટાફ મારફતે સબંધિત સુગર કો-ઓપરેટીવ સોસાયટી તરફથી મળેલ અરજીઓનું રેન્ડમ વેરીફીકેશન કરાવવાનું રહેશે તથા સહાય ચુકવણાં માટેની દરખાસ્તનાં ચુકવણાં માટેનો કાર્યાલય આદેશ તૈયાર કરી સહી/સીક્કા કરી સબંધિત નોડલ એજન્સીને ચુકવણાં અર્થે મોકલી આપવાનો રહેશે કે જેથી નોડલ એજન્સી જે તે અરજદારના બેંક એકાઉન્ટમાં સહાયની રકમ ઓનલાઇન ચુકવણી કરી શકે.

- <u>ઉત્કૃષ્ટ ઉત્પાદન પેટે ૧૦ % સહાય:-</u>

A) ઉપર મુજબનાં "શેરડી પાકનાં વાવેતર પર સહાય" ઘટક હેઠળ સહાય મેળવેલ હોય તેવા અરજદાર પૈકીનાં જે અરજદાર દ્વારા વાવેતર કરેલ શેરડી પાકની કાપણી બાદ પ્રતિ હેક્ટર ૭૦ મે.ટન થી શેરડીનું વધુ ઉત્પાદન મેળવેલ હોય તેવા અરજદારોને ૭૦ મે.ટનથી જેટલાં મે.ટન શેરડીનું વધુ ઉત્પાદન મેળવેલ હોય તે મુજબ જે તે સુગર કો-ઓપરેટીવ દ્વારા બાંધવામાં આવેલ શેરડીનાં પ્રતિ મે.ટનનાં વેચાણ ભાવનાં આધારે ૧૦ % પ્રોત્સાહક સહાય મળવાપાત્ર થશે.

B) શેરડી પાક લાંબાગાળાનો પાક હોવાથી પાછલા નાણાંકીય વર્ષમાં વાવેતર કરેલ શેરડી પાકની કાપણી પછીનાં નાણાંકીય વર્ષે થાય છે. આથી, "ઉત્કૃષ્ટ ઉત્પાદન પેટે ૧૦ % સહાય" ઘટક માટેની સહાયનું ચુકવણું કાપણીનાં નાણાંકીય વર્ષની ગ્રાન્ટમાંથી કરવાનું રહેશે.

C) આ માટે સબંધિત સુગર કો-ઓપરેટીવ સોસાયટીએ જે અરજદારોએ અગાઉનાં વર્ષે "શેરડી પાકનાં વાવેતર પર સહાય" ઘટક હેઠળ સહાય મેળવેલ હોય તેવા તમામ અરજદારો દ્વારા મેળવેલ ઉત્પાદન અંગેની નોંધણી કરવાની રહેશે. આમ, જે ખેડૂતો દ્વારા પ્રતિ હેક્ટર ૭૦.૦૦ મે.ટનથી વધુ શેરડીનું ઉત્પાદન મેળવેલ હોય તે અંગેની જરૂરી ખરાઇ કરી તેવા ખેડૂતોની યાદી "ઉત્કૃષ્ટ ઉત્પાદન પેટે ૧૦ % સહાય" ઘટક હેઠળ સહાય મંજુર કરવા અર્થે સબંધિત અધિકારીશ્રીને મોકલવાની રહેશે.

D) સબંધિત અધિકારીશ્રીએ "ઉત્કૃષ્ટ ઉત્પાદન પેટે ૧૦ % સહાય" ઘટક હેઠળ સહાયને પાત્ર ખેડૂતોની રેન્ડમ ખરાઇ કરી ચુકવણાં આદેશ સહી/સીક્કા કરી સબંધિત નોડલ એજન્સીને ચુકવણાં અર્થે મોકલી આપવાનો રહેશે કે જેથી નોડલ એજન્સી જે તે અરજદારના બેંક એકાઉન્ટમાં સહાયની રકમ ઓનલાઇન ચુકવણી કરી શકે.

## પરિશિષ્ટ - ૨

**યોજનાનું નામ: શેરડી પાકનું ઉત્પાદન અને ઉત્પાદકતા વધારવા માટે અનુસુચિત જનજાતિના ખેડૂતોને પ્રોત્સાહક સહાય (૧૦૦ % રાજ્ય પુરસ્કૃત)**

| અ.નં | ઘટકનું નામ | સહાયની વિગત | રિમાર્કસ | વધુમા કેટલી સમય મર્યાદામાં આ ઘટકનો પુન: લાભ આપી શકાશે |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧ | શેરડી પાકનાં વાવેતર માટે સહાય | શેરડી પાકનાં પ્રતિ હેક્ટર વાવેતર દીઠ રૂ.૧૦,૦૦૦/- સહાય, ખાતા દીઠ વધુમાં વધુ બે હેક્ટર માટે | પરિશિષ્ટ-૧ ની સામાન્ય શરતો અને બોલીઓ મુજબ અમલ કરવાનો રહેશે. | દર વર્ષે |
| ૨ | શેરડી પાકનાં મેળવેલ ઉત્કૃષ્ટ ઉત્પાદન માટે પ્રોત્સાહક સહાય | ઉપર મુજબનાં "શેરડી પાકનાં વાવેતર માટે સહાય" ઘટક હેઠળ લાભ મેળવેલ હોય તેવા લાભાર્થી ખેડૂત પ્રતિ હેક્ટર જો ૭૦ મે.ટન કરતાં વધુ ઉત્પાદન મેળવે તો મેળવેલ વધુ ઉત્પાદન પેટે વેચાણ ભાવ મુજબ પ્રતિ મે.ટન ૧૦% ની પ્રોત્સાહક સહાય, ખાતા દીઠ-વધુમાં વધુ બે હેક્ટર માટે | પરિશિષ્ટ-૧ ની સામાન્ય શરતો અને બોલીઓ મુજબ અમલ કરવાનો રહેશે. | દર વર્ષે |

પરિશિષ્ટ-૩ ભાગ-૧ (અરજીનો નમુનો)

અરજદારનું નામઃ-

ગામઃ-

તારીખઃ-

પ્રતિ, તાલુકા અમલીકરણ અધિકારી,

તાલુકા પંચાયત,______________

વિષયઃ- સહાય યોજનામાં ______________(ઘટકનું નામ) ની મંજુરી આપવા બાબત.

સવિનય ઉપરોકત વિષય અન્વયે જણાવવાનું કે હું નીચે સહી કરનાર શ્રી ______________ ગામઃ__________તાલુકો-________ જિલ્લો-__________નો રહેવાસી અને અનુ. જાતી /અનુ. જનજાતિનો સિમાંત/નાનો/મોટો ખેડૂત છું. હું ખાતા નંબર______________ થી હે.______________આર______________જમીન ધરાવું છું. જે પૈકી હે.______________આર______________ માં શેરડી પાકનું વાવેતર કરવા માંગુ છું. તેમજ, શેરડી પાકનાં વાવેતર અંગેની નોંધણી ______________ (સુગર કો-ઓપરેટીવ સોસાયટીનું નામ) ખાતે સમયસર કરીશ. મારો બારકોડેડ રેશન કાર્ડ નં.______________ આધાર નંબર ______________છે. તેમજ ______________બેંકમાં આધાર સીડેડ ખાતાનંબર ______________ ધરાવું છું. મારો મોબાઇલ નં ______________,______________ છે. મે સમાન હેતું માટે ઘટક માટે આ યોજના કે સરકારશ્રીની કોઇપણ અન્ય યોજના હેઠળ અગાઉ નિયત કરેલ સમયમર્યાદામાં સહાય લીધેલ નથી તે અંગેની હું ખાત્રી આપુ છું. હુ મારો આધાર નંબર જાહેર કરવા સંમતી આપુ છુ. તો ઉપરોકત ઘટક હેઠળ સહાય આપવા નમ્ર વિનંતિ છે.

તેમજ, "શેરડી પાકનાં વાવેતર પર સહાય" ઘટક હેઠળ જો મને સહાય મળે અને નિયમોનુસાર એક હેક્ટરમાં શેરડી પાકનું જો હું ૭૦.૦૦ મે.ટન કરતાં વધુ ઉત્પાદન મેળવું (ખાતા દીઠ વધુમાં વધુ ૨ હેક્ટરની મર્યાદામાં) તો "ઉત્કૃષ્ટ ઉત્પાદન પેટે ૧૦ % સહાય" ઘટક હેઠળ મળવાપાત્ર સહાય મંજુર કરવા વિનંતી છે.

ખેડૂતની સહી/અંગુઠો______________


સામેલ:

(૧) જાતિનું પ્રમાણપત્ર

(૨) ૭/૧૨ ની નકલ

(3) i khedut Portal સિવાય અરજી કરેલ હોય તો ૮-અ ની નકલ

(૪) બેંક પાસબુકની નકલ અને ૨૬ કરેલ ચેક, આધાર કાર્ડની નકલ



## પરિશિષ્ટ-,૩ ભાગ-૨ (ગ્રામસેવકનું પ્રમાણપત્ર)

આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે શ્રી ___ ___

ગામઃ___તાલુકો-___ જિલ્લો-___ના સિમાંત/નાનો/મોટો ખેડૂત ખાતેદાર છે તેમના ખાતા નંબરથી___ હે. આર. જમીન ધરાવે છે. તેમને ........ યોજનામાં સહાયથી મેળવવા___ ઘટક માટે પાત્રતા ધરાવે છે/ધરાવતા નથી

સ્થળઃ-

તાઃ / /

ગ્રામસેવક

સેજોઃ- ___ તાલુકો___જિ. ___

## પરિશિષ્ટ-૩, ભાગ-૩ (મંજુરી નો હુકમ) (ઓફીસ કોપી)

આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે શ્રી ___

ગામઃ___તાલુકો-___ જિલ્લો-___ , ........(ઘટકનું નામ) ઘટક હેઠળ સહાય મેળવવા માતે કરેલ અરજી સબબની તમામ વિગતો ચકાસવામાં આવી છે અને સહાય મેળવવા પાત્રતા ધરાવતા હોઇ નિયમોનુંસાર યોજનાકીય સહાય ઘટક માટે મંજુર/નામંજુર કરવા હુકમ કરવામાં આવે છે.

સ્થળઃ-

તાઃ / /

સક્ષમ અધિકારી વિસ્તરણ અધિકારી/ એટીવીટી અધિકારી/જિખેઅ

તાલુકો ___, જિ. ___

શેરડી પાકનું ઉત્પાદન અને ઉત્પાદકતા વધારવા માટે અનુસુચિત જાતિનાં ખેડૂતોને પ્રોત્સાહક સહાય યોજનાને વર્ષ ૨૦૧૮-૧૯ ની વહીવટી મંજુરી આપવા બાબત (૧૦૦ % રાજ્ય પુરસ્કૃત)

ગુજરાત સરકાર
કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ,
સચિવાલય, ગાંધીનગર
ઠરાવ ક્રમાંકઃનફસ/૧૦૨૦૧૮/૪૪/ક.૭
તા.૨૦/૦૪/૨૦૧૮

વંચાણે લીધા :

૧. ભારત સરકારશ્રીની NFSM યોજના (૧૨મી પંચવર્ષિય યોજના) ની ઓપરેશનલ ગાઇડલાઇન
૨. ભારત સરકારશ્રીની NFSM યોજના (૧૨મી પંચવર્ષિય યોજના) ની વહીવટી મંજુરી પત્ર નં ૨૦-૧/૨૦૧૨-એનએફએસએમ(સીએ-૫) તા. ૩૦.૦૪.૨૦૧૪
૩. કૃષિ અને સહકાર વિભાગનો તા.૦૪/૦૪/૨૦૧૭નો ઠરાવ ક્રમાંકઃ નફસ/૧૦૨૦૧૬/૪૦૫૩/ક-૭.
૪. ખેતી નિયામક કચેરીનો પત્ર નં જા.નં. પાક/નવી બાબત/વહીવટી મંજુરી/ફા.નં.૩૧/૧૧૬૮/૨૦૧૮, તા.૨૬/૦૨/૨૦૧૮

<u>પ્રસ્તાવના :</u>

શેરડી પાકએ રાજ્યનો અગત્યનો રોકડીયો પાક છે. રાજ્યમાં શેરડી પાકનું સરેરાશ ૧,૮૦,૦૦૦ હેક્ટર વિસ્તારમાં વાવેતર થાય છે. શેરડી પાકની ખેતી માટે ઉચ્ચ ગુણવતાં યુક્ત બિયારણ, અન્ય ઇનપુટસ, અધ્યતન ખેત પધ્ધતિ, કૃષિ યાંત્રીકરણ ટેકનોલોજી નો ઉપયોગ કરવામાં આવે તો શેરડી પાકની ઉત્પાદકતા વધારી શકાય તેમ છે. રાજ્યમાં અનુસુચિત જાતિનાં ખેડૂતોની આર્થિક પરિસ્થિતિ તેમજ ખેતીવાડી ઇનપુટ અને યાંત્રીકરણની ખરીદશક્તિ ખુબ જ ઓછી હોય છે. આથી, ગુજરાત રાજ્યનાં શેરડી પકવતાં અનુસુચિત જાતિનાં ખેડૂતોને શેરડી પાકની ઉત્પાદકતાં વધારવાનાં હેતુસર ઉચ્ચ ગુણવતાં યુક્ત બિયારણ, અધ્યતન ખેત પધ્ધતિ, કૃષિ યાંત્રીકરણનાં ઉપયોગ માટે સહાય તથા મેળવેલ ઉત્કૃષ્ટ ઉત્પાદન પેટે પ્રોત્સાહક સહાય આપી ખેડૂતોને પ્રોત્સાહીત કરવા ખુબ જરૂરી છે. જેનાં કારણે શેરડી પાકનું ઉત્પાદન તથા ઉત્પાદકતાં ઉતરોતર વધારી શકાય.

આ માટે, ગુજરાત રાજ્યનાં શેરડી પકવતાં અનુસુચિત જાતિનાં ખેડૂતોને શેરડી પાકની ઉત્પાદકતાં વધારવાનાં હેતુસર ઉચ્ચ ગુણવતાં યુક્ત બિયારણ, અન્ય ઇનપુટસ, અધ્યતન ખેત પધ્ધતિ, કૃષિ યાંત્રીકરણનાં ઉપયોગ માટે શેરડી પાકનાં પ્રતિ હેક્ટર વાવેતર દીઠ રૂ.૧૦,૦૦૦/- સહાય આપી શકાય. તદ ઉપરાંત, ખેડૂતોને વધુ ઉત્પાદન માટે પ્રોત્સાહીત કરવા પ્રતિ હેક્ટર જો ખેડૂત ૭૦ મે.ટન કરતાં વધુ ઉત્પાદન મેળવે તો મેળવેલ વધુ ઉત્પાદન પેટે વેચાણ ભાવ મુજબ પ્રતિ મે.ટન ૧૦% ની પ્રોત્સાહક સહાય આપી શકાય. આ માટે અનુસુચિત જાતિનાં શેરડી પકવતાં ખેડૂતોનાં સરેરાશ વાવેતર વિસ્તાર મુજબ ૪,૦૦૦ હેક્ટર શેરડી પાકનો વાવેતર વિસ્તાર આવરી શકાય.

આમ, ગુજરાત રાજ્યનાં શેરડી પકવતાં અનુસુચિત જાતિનાં ખેડૂતોને ૪૦૦૦ હેક્ટર વાવેતર વિસ્તાર માટે ઉચ્ચ ગુણવતાં યુક્ત બિયારણ, અદ્યતન ખેત પધ્ધતિ, કૃષિ યાંત્રીકરણનાં ઉપયોગ માટે રૂ.૪૦૦.૦૦ લાખ સહાય તથા મેળવેલ ઉત્કૃષ્ટ ઉત્પાદન પેટે રૂ.૨૦૦.૦૦ લાખ પ્રોત્સાહક સહાય મળી કુલ રૂ.૬૦૦.૦૦ લાખ (અંકે રૂપિયા છસો લાખ પુરા) ની વર્ષ: ૨૦૧૮-૧૯ નાં અંદાજપત્રમાં NFSM યોજના હેઠળ નવી બાબત (૧૦૦ % રાજ્ય પુરસ્કૃત) તરીકે જોગવાઇ થયેલ છે. જેની વહીવટી મંજુરી આપવા માટેની ઉક્ત વંચાણે લીધેલ ક્રમાંક- ૪ સામેની ખેતી નિયામકશ્રીની દરખાસ્ત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવ

સરકારશ્રી દ્વારા કાળજીપુર્વકની વિચારણાને અંતે શેરડી પાકનું ઉત્પાદન અને ઉત્પાદકતા વધારવા માટે અનુસુચિત જાતિનાં ખેડૂતોને પ્રોત્સાહક સહાય યોજનાને વર્ષ ૨૦૧૮-૧૯ માં નવી બાબત તરીકે ચાલુ રાખવાની તથા વર્ષ ૨૦૧૮-૧૯ નાં અંદાજ પત્રમાં થયેલ રૂ.૬૦૦.૦૦ લાખ (અંકે રૂપિયા છસો લાખ પુરા) ની બજેટ જોગવાઇનો ખર્ચ કરવાની વહીવટી મંજુરી આપવામાં આવે છે. સંદરહુ યોજનાનું નીચે મુજબની શરતોને આધીન યોજનાનુ અમલીકરણ કરવાનુ ઠરાવવામાં આવે છે.

શરતો :

૧. સને ૨૦૧૮-૧૯ ના વર્ષની બજેટ જોગવાઈને આધિન રહીને નાણા વિભાગ દ્વારા વખતો વખત ફાળવવામાં આવતી ગ્રાંટની મર્યાદામાં ખર્ચ કરવાનો રહેશે.

૨. જે હેતુ માટે બજેટ જોગવાઈ કરવામાં આવી છે તે હેતુ માટે જ ખર્ચ કરવાનો રહેશે.

૩. આ અંગેનું ખર્ચ સરકારશ્રી દ્વારા વખતોવખત નક્કી કરવામાં આવેલ જોગવાઈઓ અને લાગુ પડતા ધારાધોરણને અધિન નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

૪. યોજનાઓની નિયત થયેલ શરતોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

૫. પ્રસ્તુત કામે ટેન્ડર પ્રોસેસીંગ બાબતમાં ઉદ્યોગ અને ખાણ વિભાગના ઠરાવક્ર.એસપીઓ-૧૦૨૦૦૫-૧૪૦૭-ચ, તા.૨૨/૧૧/૨૦૦૬ અન્વયે "ઈ" ટેન્ડરીંગ બાબતમાં કરવામાં આવેલ જોગવાઈઓ સૂચનાઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

૬. આ મંજૂરી અન્વયે જો કોઈ પણ વસ્તુની ખરીદી કરવાની હોય તો તે સરકારશ્રીના પ્રવર્તમાન ધારાધોરણો અને નિયમોનુસાર કરવાની રહેશે.

૭. વર્ષના અંતે જો કોઈ બચત રહે તો તે પરત જમા કરવાની રહેશે.

૮. આ યોજના હેઠળ જગ્યાઓની મંજુરી મેળવવાની થતી હોય તો તે માટે અલગથી મંજુરી માટે દરખાસ્ત કરવાની રહેશે.

૯. આ અંગેનો ખર્ચ તા.૧-૪-૨૦૧૮ થી કરવાનો રહેશે.

૧૦. આ યોજના હેઠળનો ખર્ચ ફક્ત અનુસુચિત જાતિનાં ખેડૂતો માટે કરવાનો રહેશે.

૧૧. પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાંકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઇ કરાવી લેવાની રહેશે.

૧૨. આ મંજુરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહી. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

૧૩. આ યોજના માટે સામાન્ય શરતો અને બોલીઓ તથા વિવિધ ઘટકોની અમલીકરણ પધ્ધતિ/સહાયના ધોરણો આ સાથે સામેલ પરિશિષ્ટ ૧ થી ૩ મુજબ રહેશે.

૧૪. આ મંજુરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિદ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

૧૫. ઉપર્યુક્ત શરતો તેમજ પરિશિષ્ટ-૧ માં દર્શાવેલ સામાન્ય શરતો અને બોલીઓ તેમજ પરિશિષ્ટ-૨ માં દર્શાવેલ સહાયના ધોરણોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

૧૬. યોજના અંગેનો ખર્ચ નીચેના બજેટ હેડે પાડવાનો રહેશે.

| | |
|---|---|
| માગણી ક્રમાંક: | ૯૫ |
| મુખ્ય સદર: | ૨૪૦૧ - પાક કૃષિ વ્યવસ્થા |
| ગૌણ સદર: | ૧૦૩- બીજ |
| પેટા સદર: | ૦૫: નેશનલ ફૂડ સિક્યોરીટી મિશન યોજના (૧૦૦ % રાજ્ય પુરસ્કૃત) |

આ હુકમો આ વિભાગની સરખાં ક્રમાંકની ફાઇલ પર નાણા વિભાગની તા.૦૭/૦૪/૨૦૧૮ ની નોંધથી મળેલ મંજુરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે

(જી. કે. ઠાકોર)
સેકશન અધિકારી
કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ.

બીડાણ : પરિશિષ્ટ ૧,૨,૩

નકલ રવાના પ્રતિ:

- ખેતી નિયામકશ્રી, કૃષિ ભવન, ગાંધીનગર. (સબંધિતોને પરીપત્રિત કરવા વિનંતી સહ)
- મેનેજીંગ ડીરેક્ટરશ્રી, ગુજરાત રાજ્ય બીજ નિગમ લિ., બીજભવન, ગાંધીનગર
- વિભાગની નાણાં શાખા અને બજેટ શાખા,
- કૃષિ અને સહકાર વિભાગની આઇ.ટી શાખા તરફ આ ઠરાવને ઓનલાઇન મુકવા સારૂં.
- નાણાં સલાહકારશ્રી (કૃષિ), સચિવાલય, ગાંધીનગર.
- સેકશન અધિકારીશ્રી, બજેટ શાખા (કૃષિ), સચિવાલય, ગાંધીનગર.
- એ.જી, રાજકોટ/અમદાવાદ.
- પગાર અને હિસાબી અધીકારીશ્રી, ગાંધીનગર.
- સીલેક્ટ ફાઇલ.

## પરિશિષ્ટ-૧

## સામાન્ય શરતો અને બોલીઓ

૧. આ યોજનાનો અમલ શેરડી પકવતાં રાજ્યનાં તમામ જિલ્લાઓમાં કરવાનો રહેશે.

૨. આ યોજના હેઠળ શેરડી પકવતાં અનુસુચિત જાતિનાં ખેડૂતોને જ લાભ મળવાપાત્ર રહેશે.

૩. આ યોજનાના નિયંત્રણ અધિકારી ખેતી નિયામકશ્રી રહેશે તેમજ યોજનાની કુલ નાણાંકીય જોગવાઇની મર્યાદામાં ઘટક ફેરફાર કરી શકશે.

૪. આ યોજનાના તમામ ઘટકો માટે અમલીકરણ અધિકારી જિલ્લા ખેતીવાડી અધિકારીશ્રી/ તાલુકા અમલીકરણ અધિકારીશ્રી રહેશે.

૫. આ યોજનાનાં તમામ ઘટકોનો અમલ રાજ્યની સુગર કો-ઓપરેટીવ સોસાયટીઓ દ્વારા જિલ્લા ખેતીવાડી અધિકારીશ્રી/ તાલુકા અમલીકરણ અધિકારીશ્રીનાં સંકલનમાં રહીં કરવાનો રહેશે.

૬. આ યોજના હેઠળનાં શેરડી પાકનાં વાવેતર પર સહાય તથા શેરડી પાકનાં મેળવેલ ઉત્કૃષ્ટ ઉત્પાદન માટે પ્રોત્સાહક સહાય ઘટકો માટે સહાયનું ધોરણ તથા ઘટક હેઠળ પુનઃ લાભ મેળવવાની સમયમર્યાદા પરિશિષ્ટ-૨ મુજબ રહેશે.

૭. આ યોજના ખેતી નિયામકશ્રીના અંકુશ હેઠળ રહેશે. આ યોજનાના અમલીકરણ બાબતમાં કોઇ મુદ્દો ઉપસ્થિત થાય તો તેમનો સંપર્ક સાધવાનો રહેશે. આ યોજનાની અમલીકરણ પધ્ધતિમાં ફેરફાર કરવાની જરૂરિયાત જણાય તો ખેતી નિયામકશ્રી જરૂરી ફેરફાર કરી શકશે.

૮. શેરડી પકવતાં જિલ્લાનાં અનુસુચિત જાતિનાં ખેડૂતોને દર વર્ષે વધુમાં વધુ ૨ (બે) હેકટરની મર્યાદામાં સહાય મેળવા પાત્ર રહેશે.

૯. આ યોજનાના વિવિધ ઘટકો માટેના વિગતવાર નાણાકીય અને ભૌતિક લક્ષ્યાંકોની જિલ્લાવાર ફાળવણી ખેતી નિયામકશ્રીએ કરવાની રહેશે. અને યોજના હેઠળનાં કોઇ ઘટકનાં બચત લક્ષ્યાંક/ રકમ યોજનાનાં અન્ય ઘટકોમાં પુનઃ ફાળવણી/ઘટક ફેરફાર કરવાની સત્તા ખેતી નિયામકશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગરની રહેશે. યોજનાના વિવિધ ઘટકોના નાણાકીય અને ભૌતિક લક્ષ્યાંકોની તાલુકાવાર ફાળવણી જિલ્લા ખેતી અધિકારીશ્રીએ કરવાની રહેશે.

૧૦. આ યોજના હેઠળ ગ્રાન્ટની ફાળવણી અને નાણાંકીય ચૂકવણી માટે નોડલ એજન્સી ગુજરાત રાજ્ય બીજ નિગમ લિ., ગાંધીનગર રહેશે.

૧૧. સબંધિત નોડલ એજન્સીને ગ્રાન્ટ ફાળવવા માટે ખેતી નિયામકશ્રીને અધિકૃત કરવામાં આવે છે.

૧૨. સંબધીત નોડલ એજંન્સીએ સહાયની રકમ **ECS (Electronic Clearance Service) / RTGS (Real Time Gross Settlement) /DBT (Direct Benefit Transfer)/NEFT (National Electronic Fund Transfer)**/ એકાઉન્ટ પે ચેક થી લાભાર્થી/ સંસ્થાનાં ખાતામાં જમા કરવાની રહેશે.

૧૩. નોડલ એજન્સી બીજ નિગમએ ગ્રાન્ટ વપરાશના પ્રમાણપત્રો (યુટીસી) નિયત નમુનામાં ખેતી નિયામક, ગાંધીનગર ને સમયસર મોકલવાના રહેશે. તેમજ સબસીડી સહીત થનાર ખર્ચના વિગતવાર હિસાબો તથા ઓડીટને લગતી કામગીરી કરવાની રહેશે.

૧૪. આ યોજનામાં સમાવિષ્ટ ન હોય તેવા ઘટક માટેનો ખર્ચ સહાયને પાત્ર ઠરશે નહી.

૧૫. આ યોજના હેઠળનાં શેરડી પાકનાં વાવેતર પર સહાય તથા શેરડી પાકનાં મેળવેલ ઉત્કૃષ્ટ ઉત્પાદન માટે પ્રોત્સાહક સહાય ઘટકનું નીચેની વિગતે અમલીકરણ કરવાનું રહેશે.

- <u>શેરડી પાકનાં વાવેતર પર સહાય:-</u>

A) ગુજરાત રાજ્યનાં શેરડી પકવતાં અનુસુચિત જાતિનાં ખેડૂતોને શેરડી પાકનું ઉત્પાદન અને ઉત્પાદકતાં વધારવાનાં હેતુસર ઉચ્ચ ગુણવતાં યુક્ત બિયારણ, અન્ય ઇનપુટસ, અધ્યતન ખેત પધ્ધતિ, કૃષિ યાંત્રીકરણનાં ઉપયોગ માટે શેરડી પાકનાં પ્રતિ હેક્ટર વાવેતર દીઠ રૂ.૧૦,૦૦૦/- સહાય, ખાતા દીઠ વધુમાં વધુ બે હેક્ટર માટે સહાય મળવાપાત્ર રહેશે.

B) આ યોજના હેઠળના શેરડી પાકનાં વાવેતર પર સહાય તથા શેરડી પાકનાં મેળવેલ ઉત્કૃષ્ટ ઉત્પાદન માટે પ્રોત્સાહક સહાય ઘટકનો લાભ મેળવવા માંગતાં અનુસુચિત જાતિનાં ખેડૂતોએ iKhedut પોર્ટલ પર અરજી (પરિશિષ્ટ-૩, ભાગ-૧) કરવાની રહેશે. અરજીમાં ખેડૂતે પોતાનાં જિલ્લાની કઇ સુગર કો-ઓપરેટીવ સોસાયટીમાં શેરડી પાકનાં વાવેતર અંગેની નોંધણી કરવા માંગે છે? અથવા કઇ સુગર કો-ઓપરેટીવ સોસાયટીમાં શેરડી પાકનાં વાવેતર અંગે નોંધણી કરાવેલ છે? તે સુગર કો-ઓપરેટીવ સોસાયટીનું નામ ખાસ દર્શાવવાનું રહેશે. આમ, ઓનલાઇન કરેલ અરજીની પ્રીન્ટ આઉટ મેળવી , સહી / અંગુઠો કરી જરૂરી સાધનીક કાગળો સહ સબંધિત કચેરી ખાતે રજુ કરવાની રહેશે.

C) સબંધિત કચેરીના જવાબદાર કર્મચારી/અધિકારીએ મળેલ અરજીઓની યોજનાની જોગવાઇઓ અનુસાર ચકાસણી (પરિશિષ્ટ-૩, ભાગ-૨) કરી દરેક અરજીપત્રકની પાત્રતા / બિનપાત્રતા નિર્ધારીત કરવાની રહેશે અને i-Khedut પોર્ટલ માં યોજના હેઠળની અરજીઓનું સ્ટેટસ અપડેટ કરવાનું રહેશે.

D) નિયત સમય મર્યાદામાં મળેલ પાત્રતા ધરાવતી અરજીઓને સક્ષમ અધિકારીશ્રીએ મંજુર/ નામંજુર (પરિશિષ્ટ-૩, ભાગ-૩) કરવાની રહેશે.

E) યોજના હેઠળનાં ઘટક માટે મંજુર કરાયેલ અરજીઓની સબંધિત અરજદારોને તેઓના સરનામે લેખીત/ઉપરાંત જ્યાં શક્ય હોય ત્યાં એસએમએસ(sms) /ઇ-મેઇલથી પણ જાણ કરવાની રહેશે.

F) સક્ષમ અધિકારીશ્રીએ મંજુર થયેલ અરજીઓને અરજદારે અરજી કરતી વખતે શેરડી પાકનાં વાવેતરની નોંધણી માટે પોતાનાં જિલ્લાની જે સુગર કો-ઓપરેટીવનું નામ દર્શાવેલ હોય તે સુગર કો-ઓપરેટીવ સોસાયટીમાં જરૂરી કાર્યવાહી અર્થે મોકલવાની રહેશે.

G) સબંધિત સુગર કો-ઓપરેટીવ સોસાયટી એ સબંધિત અધિકારીશ્રી તરફથી સહાય યોજના હેઠળ મળેલ અરજી પૈકીનાં તમામ ખેડૂતોનાં શેરડી પાકનાં વાવેતર અંગેની નોંધણી કરવાની સમગ્ર કામગીરી પોતાની કક્ષાએથી સમયમર્યાદામાં પુર્ણ કરવાની રહેશે.

H) સબંધિત સુગર કો-ઓપરેટીવ સોસાયટીએ નોંધણી થયેલ અરજી પૈકીનાં તમામ ખેડૂતોએ અરજીમાં દર્શાવ્યા મુજબ હકીકતમાં શેરડી પાકનું વાવેતર કરેલ છે કે કેમ? તે અંગેની ચકાસણી કરી જરૂરી સાધનીક કાગળો સાથેની દરખાસ્ત સબંધિત અધિકારીશ્રીને પરત મોકલી આપવાની રહેશે.

I) સબંધિત અધિકારીશ્રીએ તેમનાં જિલ્લાનાં વિસ્તરણ સ્ટાફ મારફતે સબંધિત સુગર કો-ઓપરેટીવ સોસાયટી તરફથી મળેલ અરજીઓનું રેન્ડમ વેરીફીકેશન કરાવવાનું રહેશે તથા સહાય ચુકવણાં માટેની દરખાસ્તનાં ચુકવણાં માટેનો કાર્યાલય આદેશ તૈયાર કરી સહી/સીક્કા કરી સબંધિત નોડલ એજન્સીને ચુકવણાં અર્થે મોકલી આપવાનો રહેશે કે જેથી નોડલ એજન્સી જે તે અરજદારના બેંક એકાઉન્ટમાં સહાયની રકમ ઓનલાઇન ચુકવણી કરી શકે.

- ઉત્કૃષ્ટ ઉત્પાદન પેટે ૧૦ % સહાય:-

A) ઉપર મુજબનાં "શેરડી પાકનાં વાવેતર પર સહાય" ઘટક હેઠળ સહાય મેળવેલ હોય તેવા અરજદાર પૈકીનાં જે અરજદાર દ્વારા વાવેતર કરેલ શેરડી પાકની કાપણી બાદ પ્રતિ હેક્ટર ૭૦ મે.ટન થી શેરડીનું વધુ ઉત્પાદન મેળવેલ હોય તેવા અરજદારોને ૭૦ મે.ટનથી જેટલાં મે.ટન શેરડીનું વધુ ઉત્પાદન મેળવેલ હોય તે મુજબ જે તે સુગર કો-ઓપરેટીવ દ્વારા બાંધવામાં આવેલ શેરડીનાં પ્રતિ મે.ટનનાં વેચાણ ભાવનાં આધારે ૧૦ % પ્રોત્સાહક સહાય મળવાપાત્ર થશે.

B) શેરડી પાક લાંબાગાળાનો પાક હોવાથી પાછલા નાણાંકીય વર્ષમાં વાવેતર કરેલ શેરડી પાકની કાપણી પછીનાં નાણાંકીય વર્ષે થાય છે. આથી, "ઉત્કૃષ્ટ ઉત્પાદન પેટે ૧૦ % સહાય" ઘટક માટેની સહાયનું ચુકવણું કાપણીનાં નાણાંકીય વર્ષની ગ્રાન્ટમાંથી કરવાનું રહેશે.

C) આ માટે સબંધિત સુગર કો-ઓપરેટીવ સોસાયટીએ જે અરજદારોએ અગાઉનાં વર્ષે "શેરડી પાકનાં વાવેતર પર સહાય" ઘટક હેઠળ સહાય મેળવેલ હોય તેવા તમામ અરજદારો દ્વારા મેળવેલ ઉત્પાદન અંગેની નોંધણી કરવાની રહેશે. આમ, જે ખેડૂતો દ્વારા પ્રતિ હેક્ટર ૭૦.૦૦ મે.ટનથી વધુ શેરડીનું ઉત્પાદન મેળવેલ હોય તે અંગેની જરૂરી ખરાઇ કરી તેવા ખેડૂતોની યાદી "ઉત્કૃષ્ટ ઉત્પાદન પેટે ૧૦ % સહાય" ઘટક હેઠળ સહાય મંજૂર કરવા અર્થે સબંધિત અધિકારીશ્રીને મોકલવાની રહેશે.

D) સબંધિત અધિકારીશ્રીએ "ઉત્કૃષ્ટ ઉત્પાદન પેટે ૧૦ % સહાય" ઘટક હેઠળ સહાયને પાત્ર ખેડૂતોની રેન્ડમ ખરાઇ કરી ચુકવણાં આદેશ સહી/સીક્કા કરી સબંધિત નોડલ એજન્સીને ચુકવણાં અર્થે મોકલી આપવાનો રહેશે કે જેથી નોડલ એજન્સી જે તે અરજદારના બેંક એકાઉન્ટમાં સહાયની રકમ ઓનલાઇન ચુકવણી કરી શકે.

## પરિશિષ્ટ - ૨

યોજનાનું નામ: શેરડી પાકનું ઉત્પાદન અને ઉત્પાદકતા વધારવા માટે અનુસુચિત જાતિનાં ખેડૂતોને પ્રોત્સાહક સહાય (૧૦૦ % રાજ્ય પુરસ્કૃત)

| અ.નં | ઘટકનું નામ | સહાયની વિગત | રિમાર્કસ | વધુમાં કેટલી સમ મર્યાદામ આ ઘટકo પુનઃ લાભ આપી શકાશે |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧ | શેરડી પાકનાં વાવેતર માટે સહાય | શેરડી પાકનાં પ્રતિ હેક્ટર વાવેતર દીઠ રૂ.૧૦,૦૦૦/- સહાય, ખાતા દીઠ વધુમાં વધુ બે હેક્ટર માટે | પરિશિષ્ટ-૧ ની સામાન્ય શરતો અને બોલીઓ મુજબ અમલ કરવાનો રહેશે. | દર વર્ષે |
| ૨ | શેરડી પાકનાં મેળવેલ ઉત્કૃષ્ટ ઉત્પાદન માટે પ્રોત્સાહક સહાય | ઉપર મુજબનાં "શેરડી પાકનાં વાવેતર માટે સહાય" ઘટક હેઠળ લાભ મેળવેલ હોય તેવા લાભાર્થી ખેડૂત પ્રતિ હેક્ટર જો ૭૦ મે.ટન કરતાં વધુ ઉત્પાદન મેળવે તો મેળવેલ વધુ ઉત્પાદન પેટે વેચાણ ભાવ મુજબ પ્રતિ મે.ટન ૧૦% ની પ્રોત્સાહક સહાય, ખાતા દીઠ વધુમાં વધુ બે હેક્ટર માટે | પરિશિષ્ટ-૧ ની સામાન્ય શરતો અને બોલીઓ મુજબ અમલ કરવાનો રહેશે. | દર વર્ષે |

પરિશિષ્ટ-૩ ભાગ-૧ (અરજીનો નમુનો)

અરજદારનું નામઃ-

ગામઃ-

તારીખઃ-

પ્રતિ, તાલુકા અમલીકરણ અધિકારી,

તાલુકા પંચાયત,___________

વિષયઃ- સહાય યોજનામાં ____________(ઘટકનું નામ) ની મંજુરી આપવા બાબત.

સવિનય ઉપરોકત વિષય અન્વયે જણાવવાનું કે હું નીચે સહી કરનાર શ્રી ____________ ગામઃ__________તાલુકો-________ જિલ્લો-_________નો રહેવાસી અને અનુ. જાતી/ અનુ. જનજાતિનો સિમાંત/નાનો/મોટો ખેડૂત છું. હું ખાતા નંબર__________ થી હે.__________આર__________જમીન ધરાવું છું. જે પૈકી હે.__________આર__________ માં શેરડી પાકનું વાવેતર કરવા માંગુ છું. તેમજ, શેરડી પાકનાં વાવેતર અંગેની નોંધણી __________ (સુગર કો-ઓપરેટીવ સોસાયટીનું નામ) ખાતે સમયસર કરીશ. મારો બારકોડેડ રેશન કાર્ડ નં.__________ આધાર નંબર __________છે. તેમજ __________બેંકમાં આધાર સીડેડ ખાતાનંબર __________ ધરાવું છું. મારો મોબાઇલ નં __________ __________ છે. મે સમાન હેતું માટે ઘટક માટે આ યોજના કે સરકારશ્રીની કોઇપણ અન્ય યોજના હેઠળ અગાઉ નિયત કરેલ સમયમર્યાદામાં સહાય લીધેલ નથી તે અંગેની હું ખાત્રી આપુ છું. હુ મારો આધાર નંબર જાહેર કરવા સંમતી આપુ છુ. તો ઉપરોકત ઘટક હેઠળ સહાય આપવા નમ્ર વિનંતિ છે.

તેમજ, "શેરડી પાકનાં વાવેતર પર સહાય" ઘટક હેઠળ જો મને સહાય મળે અને નિયમોનુસાર એક હેક્ટરમાં શેરડી પાકનું જો હું ૭૦.૦૦ મે.ટન કરતાં વધુ ઉત્પાદન મેળવું (ખાતા દીઠ વધુમાં વધુ ૨ હેક્ટરની મર્યાદામાં) તો "ઉત્કૃષ્ટ ઉત્પાદન પેટે ૧૦ % સહાય" ઘટક હેઠળ મળવાપાત્ર સહાય મંજુર કરવા વિનંતી છે.

ખેડૂતની સહી/અંગુઠો __________

સામેલ:

(૧) જાતિનું પ્રમાણપત્ર

(૨) ૭/૧૨ ની નકલ

(૩) i khedut Portal સિવાય અરજી કરેલ હોય તો ૮-અ ની નકલ

(૪) બેંક પાસબુકની નકલ અને રદ કરેલ ચેક, આધાર કાર્ડની નકલ

## પરિશિષ્ટ-,૩ ભાગ-૨ (ગ્રામસેવકનું પ્રમાણપત્ર)

આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે શ્રી ______________ ______________

ગામ:__________તાલુકો-________ જિલ્લો-__ _____ ના સિમાંત/નાનો/મોટો ખેડૂત ખાતેદાર છે તેમના ખાતા નંબરથી__________ હે. આર. જમીન ધરાવે છે. તેમને .................................. યોજનામાં સહાયથી મેળવવા__________ ઘટક માટે પાત્રતા ધરાવે છે/ધરાવતા નથી

સ્થળ:-

તા: / /

ગ્રામસેવક

સેજો:- ________ તાલુકો__________ જિ. ______

## પરિશિષ્ટ-૩, ભાગ-૩ (મંજુરી નો હુકમ) (ઓફીસ કોપી)

આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે શ્રી ______________________ ______

ગામ:__________તાલુકો-________ જિલ્લો-__________ , ..............................................(ઘટકનું નામ) ઘટક હેઠળ સહાય મેળવવા માટે કરેલ અરજી સબબની તમામ વિગતો ચકાસવામાં આવી છે અને સહાય મેળવવા પાત્રતા ધરાવતા હોઇ નિયમોનુંસાર યોજનાકીય સહાય ઘટક માટે મંજુર/નામંજુર કરવા હુકમ કરવામાં આવે છે.

સ્થળ:-

તા: / /

સક્ષમ અધિકારી વિસ્તરણ અધિકારી/ એટીવીટી અધિકારી/જિએઅ

તાલુકો ______, જિ. ______